# ચિરાગે હિદાયત
## ૨૪૯

### આ અઠવાડિયાની મુનાસેબત

૧ રજબ/૨૬ ફેબ્રુઆરી : વિલાદતે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)
૩ રજબ/૨૮ ફેબ્રુઆરી : શહાદતે હઝરત ઈમામ અલીનકી(અ.સ.)

## ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)

ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની વિલાદત બાસઆદત ૧ રજબ, હિ.જ.૫૭ મદીનાએ મુનવ્વરામાં થઈ. આપ(અ.સ.) ખાનદાને ઈસ્મતના પહેલા એવા ઈમામ છે કે જેમનો નસબનો સિલસિલો માં અને બાપ બંને તરફથી હઝરત ઈમામ અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.)ને મળે છે.

ઈમામ બાકિર(અ.સ.)એ ઈસ્લામી તહેઝીબમાં ઈલ્મની બુનિયાદ નાખી. ઈમામ(અ.સ.)એ આ કામ ત્યારે અંજામ આપ્યું જ્યારે દુનિયામાં જ્યારે જેહાલત તેની ચરમસીમા ઉપર હતી તથા ન કોઈ તાલિમ કેન્દ્ર હતું.

સમાજમાં ઈસ્લામી અખ્લાકને ફેલાવવામાં ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની ખુબજ મોટી કોશિશ રહી. અખ્લાકી અને તફસીર રિવાયતોનો એક ખુબજ મોટો હિસ્સો ઈમામ બાકિર(અ.સ.)થી મનકુલ છે. વસાએલુશ્શિયા અને તફસીરોની કિતાબો જેમકે તફસીરૂલ બુરહાન અને ફૈઝ કાશાનીની તફસીરે શાફી કે જેમાં ફિકહી મસાએલના બયાન, કુરઆનની આયતોની સ્પષ્ટતા ભરપૂર પ્રમાણમાં રિવાયતો આપ(અ.સ.)થી મનકુલ છે.

કુરઆન આપણને કહે છે કે "હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) તમારી માટે બહેતરીન નમૂના છે." આ આયત વડે કુરઆન લોકોને બહેતરીન નમૂનાની તરફ રહેનુમાઇ કરે છે. કોઈપણ મઝહબ ત્યાં સુધી મજબૂત નથી થઇ શકતો જ્યાં સુધી તેમાં કોઇ અમલી નમૂના ન હોય.

ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)નું ઇલ્મના સિલસિલામાં બુનિયાદી કામ આ હતું કે તમામ લોકો ઇલ્મી ખજાનાને હાંસિલ કરીને પોતાની ઝિંદગીને બાઅમલ બનાવે. આ માટે આપ(અ.સ.)એ ફિકહ, તફસીર અને અખ્લાકી કામો ઉપર ઘણું બધું કામ કર્યુ જેને છઠ્ઠા ઈમામ(અ.સ.)એ આગળ વધાર્યુ. જેમાં આજે ફિકહે જાફરી પાસે આટલો કિંમતી ઇલ્મી ખજાનો મૌજૂદ છે.

ઈમામ(અ.સ.)ની ઇલ્મી જંગોમાં કુફ્ર અને શિર્ક, ઝુલ્મ અને સિતમ, ઝાલિમ હાકિમોની હિદાયત, ગુમરાહ લોકોની ઈસ્લાહ, સામાજિક અદ્લ અને તકય્યા શામેલ છે. આપ(અ.સ.)થી ઇલ્મે કુરઆન, ઇલ્મે આસાર, ઇલ્મુસ સુનન અને તે જ રીતે બીજા ઓલૂમમાં પણ કોઇ આપ(અ.સ.)થી બુલંદ નથી. આ જ માટે આપ(અ.સ.) ઉપર હઝરત રસૂલેખુદા(અ.સ.)એ જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારી વડે સલામ કહેરાવ્યા હતા અને કહ્યું હતું કે મારો ફરઝંદ બાકેરૂલ ઓલૂમ હશે.

ઈમામ બાકિર(અ.સ.)થી જુદીજુદી ફાયદાકારક અને દિલચસ્પ હિકમતો નકલ થઇ છે તેમાંથી અમુકનો અહીં ઝિક્ર કરીશું :

ઈમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું :

૧. "જે પોતે પોતાના નફસને નસીહત ન કરી શકે, તેને

બીજાઓને નસીહત કરવી ફાયદો નથી પહોંચાડતી.''

૨. ''અલ્લાહની નાફરમાની કરનારો અલ્લાહની માઅરેફત હાંસિલ નથી કરી શકતો.'' ત્યાર પછી આપ(અ.સ.)એ શેઅર પડ્યો જેનો તરજુમો આ છે ''જો તમારી મોહબ્બત સાચી હોત, તો તમે તમારા મહેબૂબનું કહેવું માનતે.''

૩. ''પોતાના દિલમાં પોતાના મોમીન ભાઈ પ્રત્યેની મોહબ્બત જોઈને તેના દિલમાં મૌજૂદ પોતાની મોહબ્બતનો અંદાજો લગાવો.''

૪. ''મોમીન, મોમીનનો ભાઈ છે. તેને બુરૂ-ભલું નથી કહેતો, તેને કોઈ ચીઝથી મહેરૂમ નથી રાખતો અને તેના બારામાં ખરાબ ગુમાન અને ખયાલ નથી કરતો.''

૫. આપ(અ.સ.)એ ફરમાવ્યું કે અલ્લાહ ફરમાવે છે કે ''અય ઈબ્ને આદમ! જે ચીઝો મેં તારી ઉપર હરામ કરી દીધી છે. તેનાથી પરહેઝ કર અને લોકોમાં સૌથી વધારે મુત્તકી અને પરહેઝગાર બની જા.''

૬. ''ઈન્સાન ઉપર દરેક મુસીબત તેના ગુનાહોના કારણે આવે છે.''

## * પોતાના શિયાઓને આપ(અ.સ.)ની નસિહત :

ઈમામ બાકિર(અ.સ.)એ પોતાના શિયાઓને જુદી-જુદી નસિહતો અને બુલંદ તાલિમ આપી છે. તેમાંથી એક આ છે કે ઈમામ(અ.સ.)એ પોતાના અસ્હાબના એક સમુહને શિયાઓની એક જમાતની પાસે મોકલ્યું. કે જેથી તેઓને આ પયગામને આપે :

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું : ''અમારા શિયાઓને અમારા

સલામ કહેજો, તેમને અલ્લાહના અઝીમ તકવાની વસિયત કરજો, માલદાર-ફકીરોની મદદ કરે, તંદુરસ્ત લોકો બિમારોની અયાદત કરે, હયાત લોકો મરનારના જનાઝામાં હાજર થાય. તેમના ઘરે જઈને તેમના હાલાતની પૂછપરછ કરે અને તેઓથી મુલાકાત કરે કેમકે આપસમાં મુલાકાત કરવાથી આપણો અમ્ર જીવિત થાય છે. અલ્લાહ તઆલા તે શખ્સ ઉપર રહેમ કરે જેણે આપણા અમ્રને જીવિત કર્યુ અને તેણે નેક અમલ અંજામ આપ્યો.

અને અમારા શિયાઓને કહેજો કે હું અલ્લાહ પાસે દુઆ માંગુ છું કે મારા શિયાઓ હંમેશા નેક અમલ અંજામ આપે. તેઓ અમારી વિલાયત સુધી નથી પહોંચી શકતા સિવાય કે તેઓ મુત્તકી બને, પરહેઝગાર બને અને કોશિશ કરે. લોકોમાં કયામતના દિવસે સૌથી વધારે શરમિંદા શખ્સ તે હશે કે જેને અમલ કરવાની રીત બતાવવામાં આવી છતાં તેણે તેની મુખાલેફત કરી.’’

પરવરદિગારે આલમ પાસે દુઆ છે યા અલ્લાહ! અમને ઈમામ(અ.સ.)ના હકીકી શિયા બનવાની તૌફીક ઈનાયત કર. તું જ બહેતરીન તૌફીક અતા કરનાર અને પોતાના બંદાઓ ઉપર રહેમ કરનાર છે. અમને ઈમામ(અ.સ.)ના બતાવેલા એહકામ ઉપર ચાલવાની તૌફીક ઈનાયત કર.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com